**<u>મે.અમદાવાદ ખાતેનાં મજુર અદાલતના પ્રિસાઈડીંગ ઓફિસર શ્રી વી.બી.ચૌહાણ સાહેબ સમક્ષ, મુ.અમદાવાદ.</u>**

**<u>રેફરન્સ કેસ નં.૨૮૯/૨૦૨૪</u>**
**<u>આંક: ૬</u>**

**<u>પ્રથમ પક્ષકાર:-</u>** (૧) **એસ.વી.કન્સ્ટ્રકશન,**
(૨) **શ્રી શ્રીનાથજી બિલ્ડકોન,**
સરકારી મકાન રિડેવલપમેન્ટ,
મેટ્રો પીલર ૩૩ અને ૩૪ ના ખાંચામાં,
ટોરેન્ટ પાવર સબ સ્ટેશનની બાજુમાં,
અમરાઈવાડી, અમદાવાદ

**વિરૂધ્ધ**

**<u>બીજા પક્ષકાર :-</u>** **જયંતીલાલ મોગાજી અમલીયા,**
ખરાડી, ડાકન ફલા, વરિયા, રેંટા, ડુંગરપુર, રાજસ્થાન
C/o.મીસેલેનીયસ ઈન્ડસ્ટ્રીઝ મઝદુર સંઘ,
નગીનદાસ મ્યુનિસિપલ પુસ્તકાલયની બાજુમાં,
રખિયાલ ચાર રસ્તા પાસે, રખિયાલ, અમદાવાદ

-----------------------------------------

| | | |
|---|---|---|
| **પ્રથમ પક્ષકાર તરફે** | : | - |
| **બીજા પક્ષકાર તરફે** | : | **શ્રી એસ.બી.મિશ્રા** |

-----------------------------------------

**<u>--:: એ વો ર્ડ ::--</u>**

(૧) સદર કામના બીજા પક્ષકારને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરા પગાર સહિત નોકરીમાં પુન:સ્થાપિત કરવા કે કેમ ? તેના ન્યાય નિર્ણય સારૂ સદરહુ રેફરન્સ મદદનીશ શ્રમ આયુકત, અમદાવાદના તા.૨૦/૦૬/૨૦૨૪ ના હુકમ ક્રમાંક: નાશ્રઆ /અવિ/વિભાગ-૨/આઈડીઆર/૨૦૨૪/એએચએમ/૧૦૬૬/૧૮૩૫૬ થી મજુર અદાલત અમદાવાદને સુપ્રત કરવામાં આવેલ, ત્યારબાદ યોગ્ય ઓથોરીટીના વખતો વખતના હુકમોથી સદરહુ રેફરન્સ અત્રેની અદાલતને તબદીલ કરવામાં આવેલ છે.

(૨) આ કામે સરળતા ખાતર પ્રથમ પક્ષકારને હવે પછી સામાવાળા/સંસ્થા તરીકે અને બીજા પક્ષકારને અરજદાર/કામદાર તરીકે સંબોધવામાં આવશે.

(૩) આ કામે અરજદાર તથા તેમના વિ.પ્રતિનિધિશ્રીએ તેમની સહીથી આંક–૫ થી વિડ્રો પુરસીસ રજુ કરેલ છે. જે આંક–૫ ની વિડ્રો પુરસીસના કથનો વંચાણે લેતા, સદર કામ માં અરજદારનો સામાવાળા સંસ્થા સાથે કોર્ટ બહાર સુખદ સમાધાન થઈ ગયેલ છે તેથી તેઓ આ કામ આગળ ચલાવવા માંગતા નથી અને તે પરત ખેંચવા પુરસીસથી જાહેર કરતાં સદરહું પુરસીસ રેકર્ડ કરવામાં આવેલ છે. આમ, અરજદારનો હાલનો રેફરન્સ કેસ આંક–૫ ની વિડ્રો પુરસીસના કથનો આધારે કેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**અમદાવાદ.**
**તા.૧૪/૦૯/૨૦૨૪.**

**(વિજયસિંહ ભાવસિંહ ચૌહાણ)**
**પ્રમુખ અધિકારી**
**મજુર અદાલત નં.૪,અમદાવાદ.**
**(જી.જે.૦૧૦૪૫)**